# ઈસુ સર્વશ્રેષ્ઠ વાર્તાકાર

ઈસુની વાર્તાઓ શિખવામાં અને બીજાઓ કહેવા માટે બાળકોને મદદ કરો.

**પ્રાર્થના :** પ્રભુ માફી નહી બક્ષનાર ચાકરવાળી ઈસુની વાર્તામાંથી શિખીને બીજાઓને માફ કરે તે માટે બાળકોને મદદ કરો.



બાળકોની શૈક્ષણિક પ્રવૃતિઓમાંથી ગમેતે એક પસંદ કરો.

આ ચિત્રની બાળકો નકલ કરે.

માફી નહી બક્ષનાર ચાકરની વાર્તા **(માત્થી ૧૮:૨૧-૩૪)** વાંચો અથવા યાદ કરો. એક મોટો બાળક અથવા શિક્ષક કહે જેઓ આપણા પ્રત્યે ખોટુ કરે છે તેઓને આપણે સદા માફી આપીએ તેનું વર્ણન કરવા ઈસુએ વાર્તાનો કેવી રીતે ઉપયોગ કર્યો તે કહે છે.

વાર્તા કહ્યા બાદ આ સવાલો પૂછો દરેક સવાલ પછી જવાબો આપેલા છે.

- લોકોને માફી બક્ષતા આપણે કદીયે રોકી શકીએ ? (કલમ ૨૧ જુઓ આપણે હંમેશા માફ કરવુ જ જાઈએ)
- ચાકર તેનુ દેવું વાળી ન શકયો ત્યારે તેના શેઠે શું કર્યુ (કલમ -૨૭ જુઆ).
- આ જ ચાકરે બીજા ચાકર જેને તેણે તેનું દેવું વાળી ન આપ્યું ત્યારે શું કર્યુ (૩૦ મી કલમ જુઓ).
- આ પ્રત્યે શેઠે કેવુ વલણ અપનાવ્યુ ?(ક.૩૪ મી જુઓ).
- આપણુ જેઓ ભુંડુ કરે છે તેઓ સાથે આપણા સ્વર્ગીય પ્રભુ કેવી રીતે વર્તવાનુ ઈચ્છે છે ?(ક.૩૫ જુઓ)

માફી ન બક્ષનાર ચાકરની વાર્તાને **નાટકમાં રૂપાંતર કરો.** મંડળીની ભકિતસભાના આગેવાન સાથે બાળકો નાટક ભજવી શકે તેવી વ્યવસ્થા કરો બાળકોને નાટક તૈયાર કરવામાં તમારો સમય આપો તમારે બધાજ ભાગો ઉપયોગમા ન લેવા મોટા બાળકો નાનાને નાટકની તૈયારી માં મદદ કરે.

- **ઉદ્દ્ઘોષક, શેઠ અને કૃતઘ્ન ચાકરના પાત્રો પુખ્ત અથવા મોટા બાળકો ભજવે**
- પિતર,મિત્રો દરોગો અને બીજા નાટકના પાત્રો **નાના બાળકો** ભજવો.

**ઉદ્દ્ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ (કલમ ૨૧-૨૭)કહે પછી કહે પિતર ઈસુને શું કહે છે તે સાંભળો.

**પિતર** : (ઉપર જોઈ કહે) પ્રભુ મારે કેટલીક વાર મારા ભાઈ ને માફ કરવાનું ?

**ઉદ્દ્ઘોષક** : ઈસુએ જવાબમા શેઠ અને ચાકરની વાતો કહી ચાકર ઘણા નાણ લઈને દેવાદાર બન્યો. શેઠનું સાંભળો આ કાગળ છે કે તે મારૂં બહુ માટું દેવું કર્યુ છે.મારૂં દેવું વાળ નહી તો હું તને અને તારા કુટુંબને ગુલામ તરીકે વેચી દઈશ

**કૃતઘ્ન ચાકર** : (પગે લાગી વિનંતી કરી) દયા કરો હું બધું ચુકવી દઈશ મારી ઉપર દયા કરો.

**શેઠ** : (કાગળ ફાડીને કહે) હું તારા ઉપર દયા કરીશ હું તારૂ બધુ દેવુ માફ કરીશ.

**ઉદ્દ્ઘોષક** : નાટકનો બીજો ભાગ કલમ ૨૮-૩૫ કહે જુઓ અનાભરી ચાકર શુ કહ્ છે તે

**કૃતઘ્ન ચાકર** : રાજા પાસેથી બીજા ચાકર પાસે જાય છે તેને હચમચાવી કહે છે હમણાં જ મારૂં દેવું વાળ

**બીજો ચાકર** : પગે પડી વિનતી કરે છે મારા પર દયા કર હું જલ્દીથી તારૂ દવુ વાળી આપીશ.

**કૃતઘ્ન ચાકર** : ના દરોગ આને અહીથી લઈ જાઓ.

**દરોગા** : (બીજા ચાકરને ઢસડીને લઈ જતાં) જયા સુધી તારે દેવું નહી વાળે ત્યાં સુધી તારે બંદીખાનામાં રહેવું પડશે.

**મિત્રો** : રાજા પાસે જઈને કહો તમે જે ચાકરને માફ કર્યો હતો તેણે બીજાને માફ કર્યા હતો તેણે બીજાને માફ કર્યો નહી બીજા જેનુ બહુ નાની રકમનુ દેવું હતું તેને તેણે બંદીખાનામાં પૂર્યો.

**રાજા** : કૃતઘ્ન ચાકરને બોલાવી તું અહી આવ (કૃતઘ્ન ચાકર આવે છે).

**કૃતઘ્ન ચાકર :** (શેઠ તરફ દોડી નમન કરી કહે) મહાન અને મહાન શેઠ હું તમારી સેવામાં જ છું

**શેઠ(ગુસ્સામાં) :** મેં જેમ તને માફ કર્યો તે કેમ માફ ન કર્યુ ? દરોગા આને લઈ જાઓ.

**દરોગા** : કૃતઘ્ન ચાકરને ઢસડીને લઈ જતા કહે જ્યાં સુધી દેવું ભરપાઈ નહી થાય ત્યાં સુધી તારે બંદીખાનામાં રહેવુ પડશે.

**ઉદ્‌ઘોષક અથવા મોટો બાળક :** જેઓએ મદદ કરી તેઓનો આભાર પુષ્પો (સભ્યો) ને વાર્તાનુ નાટક ભજવ્યા બાદ ઉપર

દર્શાવેલા સવાલો સભ્યોને પૂછે.

**બાળકોને પૂછો :** ઈશ્વર ના રાજય વિષે લોકોને શીખવતી વાર્તાઓમાં બીજા કયા દાખલાઓ આપેલા છે ? (બાળકોને દાખલા આપવા દો.)



રાજાનો રાજ મુગટ **દોરો** બાળકો ચિત્રની નકલ કરે અને આવતી ભજનસેવા વખતે પુષ્પોને (સભ્યોને) અથવા ધરે પોતાના મા બાપ ને દેખાડે.

- રાજા નો રાજ મુગટ ઈસુની વાર્તા **સમજાવે** છે તેનું બાળકો વિવરણ કરે.
- ઈશ્વર આપણો આત્મિક રાજા છે આપણે તેના દેવાદાર છીએ.
- ઘણીવાર આપણે તેની સેવા કરવી જોઈએ જે કરતા નથી છતાં પણ તે આપણને માફ કરે છે.
- જેમ આપણા ધણી ઈસુએ આપણને માફ કર્યુ છે તેમ આપણે પણ બીજાઓને માફ કરવું જ જોઈએ.

કોલોસી ૩ :૧૬ **મુખપાઠ કરો.**

**ગીત** : ગી.શા ૪૫ કલમ ૧,૨ અને ૪ દરેક બાળક યાદ કરી બોલે.

બીજા બાળકો વફાદર ચાકરની વાતો પર કાવ્યો ગીતો અથવા નાટક લખે.

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ અને રાજા, અમારી પાસે જે કાંઈ છે.તે તમારા આશિર્વાદથી આવે છે અમારા પાપો માફ કરી ભૂંડાથી અમારો છુટકારો કરો આ અમે ઘણી વખત ભૂલી જઈ બીજાઓને મારા માફ કરવા નિષ્ફળ નિવડીએ છીએ તમે જેમ કર્યુ તેંમ માફી આપવામાં અમને મદદ કરો.''

Copyright 2004© by Paul-Timothy. May be freely copied. Download from www. Paul-Timonthy.net.